# તંત્રી લેખ......

## મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીમાં ભાજપનો વધુ એક વિજય, પ્રભુત્વ

દેશમાં સૌથી વધુ બજેટ ધરાવતી મ્યુનિસિપલ સંસ્થા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર પ્રભુત્વ ધરાવતું ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાએ મહારાષ્ટ્રની મોટાભાગની અન્ય મ્યુનિસિપલ સંસ્થાઓમાં ચૂંટણી જીતી હતી, જેના કારણે રાષ્ટ્રીય ધ્યાન ખેંચાયું હતું કારણ કે આ ચૂંટણીઓને મીની વિધાનસભા ચૂંટણીઓ તરીકે વર્ણવવામાં આવી હતી.

બીએમસી ચૂંટણીના પરિણામોએ નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું કારણ કે ઠાકરે પરિવારની શિવસેના ૨૫ વર્ષથી ત્યાં સત્તા પર હતી.બીએમસીમાં શિવસેના-ઉદ્ધવ ઠાકરેને સત્તા પરથી હટાવવાથી એક મોટો ફટકો પડ્યો, કારણ કે સંસ્થાના આશરે ૭૫,૦૦૦ કરોડના બજેટથી તેમને દેશની નાણાકીય રાજધાનીમાં રાજકીય અને આર્થિક બંને શક્તિ મળી.

ઉદ્ધવ ઠાકરેએ મ્સ્ઝ પર પોતાની પકડ જાળવી રાખવા માટે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે જોડાણ કર્યું, પરંતુ આ જોડાણ તેમના માટે મોંઘુ સાબિત થયું. આનું એક કારણ એ હતું કે સેના તેની વિચારધારાથી ભટકતી દેખાઈ રહી હતી. એક સમયે ભાજપનો કુદરતી સાથી રહેતો શિવસેના પહેલા કટ્ટર હરીફ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયો, અને પછી નગરપાલિકા ચૂંટણીઓમાં મનસે સાથે જોડાયો, જે પક્ષ તેના કટ્ટરપંથી મરાઠી માનુષ એજન્ડાને કારણે ઉત્તર ભારતીયોનો વિરોધ કરતો હતો.

આ વખતે, રાજ ઠાકરેએ તમિલનાડુના ભાજપ નેતા અન્નામલાઈ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરીને ઉત્તર ભારતીયો અને મહારાષ્ટ્રની બહારના લોકોને ચિંતામાં મૂકી દીધા. ઉદ્ધવ ઠાકરેની હારનું આ બીજું કારણ હતું. ઉદ્ધવ ઠાકરે ભૂલી ગયા કે રાજ્યના મુખ્ય શહેરોમાં હવે અન્ય રાજ્યોના લોકોની નોંધપાત્ર વસ્તી છે. મુંબઈ દેશભરના લોકોનું ઘર છે.

નગરપાલિકા ચૂંટણીના નિરાશાજનક પરિણામો પછી ઉદ્ધવ ઠાકરે મનસે છોડીને ફરીથી કોંગ્રેસમાં જોડાશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે, પરંતુ મહારાષ્ટ્રના રાજકારણમાં સુસંગત રહેવું તેમના માટે ઓછું પડકાર નથી. કોંગ્રેસ પણ એક પડકારનો સામનો કરી રહી છે, કારણ કે રાષ્ટ્રીય પક્ષ તરીકે તેની સ્થિતિ નાગરિક ચૂંટણીઓમાં અપેક્ષિત પરિણામોના અભાવે વધુ નબળી પડી રહી હોય તેવું લાગે છે. પ્રચંડ વિજય મેળવનાર ભાજપને પણ એક પડકારનો સામનો કરવો પડે છેઃ બીએમસીમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવો અને મુંબઈનો યોગ્ય વિકાસ સુનિશ્ચિત કરવો. મ્સ્ઝ શિવસેનાની નાણાકીય સહાય વ્યવસ્થા હતી કારણ કે, ભ્રષ્ટ પ્રથાઓ દ્વારા, મ્યુનિસિપલ ફંડ તેના નેતાઓને વાળવામાં આવતા હતા. બીએમસીમાં આ ભ્રષ્ટાચારે મુંબઈને આંતરરાષ્ટ્રીય શહેર તરીકે વિકસિત થતું અટકાવ્યું. ખરાબ રસ્તાઓ, ટ્રાફિક જામ અને પ્રદૂષણથી ગ્રસ્ત શહેર તરીકેની છબીથી મુંબઈને મુક્ત કરવું એ ભાજપની ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ.

## પંજાબમાં અકસ્માતમાં મહિલા કોન્સ્ટેબલ સહિત પાંચના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

શિમલા ફરવા ગયેલા ગુજરાતીઓને અકસ્માતમાં કાળનો ભેટો થયો. પંજાબના ભઠીંડામાં થયેલા રોડ અકસ્માતમાં ગુજરાના બનાસકાંઠાના ૫ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જેમાં એક મહિલા પોલીસકર્મી પણ સામેલ છે. આ તમામ લોકો શિમલા ફરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, પંજાબના ભઠીંડા બીકાનેર નેશનલ હાઈવે પર વહેલી સવારે ગાઢ ધુમ્મસને કારણે આ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનમાં ગુજરાતની ફોરચ્યુનર કાર ડિવાઈડર સાથે ભટકાઈ હતી. જેમાં એક મહિલા કોન્સ્ટેબલ સહિત પાંચ લોકોએ જીવ ગુમાવ્યો છે. અકસ્માત ભઠીંડાના પથરાલા ગામ પાસે સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા.

મૃતકોમાં કોણ

અમિતાબહેન કરશનભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર)

અરજણભાઈ સુબાભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર)

ભરતભાઈ અજાભાઈ રાજપૂત (રહે. અછવાડીયા, લાખણી)

જનકભાઈ રાજપૂત (રહે. જેતડા, થરાદ)

સતીષ

તમામની ઉંમર ૨૫થી ૩૦ વર્ષની વચ્ચે છે.

મૃતક અમીતા રાજપૂતે ગુજરાત પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે તૈનાત હતા

ભઠીંડાના એસપી નારિન્દર સિંહે અકસ્માતની માહિતી આપતા જણાવ્યું કે, ફોરચ્યુનર કાર ભઠીંડાથી ડબવાલી જઈ રહી હતી. તમામ મૃતકો ગુજરાતના રહેવાસી છે, અને ગુજરાતથી શિમલા ફરવા ગયા હતા. તેઓ ભઠીંડામા રોકાયા હતા. તેના બાદ આજે સવાર તેઓ કારમાં ભઠીંડાથી આગળ જવા નીકળ્યા હતા, ત્યારે ધુમ્મસને કારણે આ અકસ્માત સર્જાયો હતો. ધુમ્મસ હોવાને કારણે કારે કાબૂ ગુમાવ્યો હતો, જેના બાદ કાર ડિવાઈડર સાથે જઈને ટકરાઈ હતી. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૭/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૫૦ | ૧,૧૦૦.૦૦ | ૧,૮૮૨.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૬૦.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૩ | ઘઉં | ૨૦૫ | ૫૦૧.૦૦ | ૫૬૫.૦૦ |
| ૪ | બાજરી | ૨૦ | ૪૦૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૫૦.૦૦ | ૩૭૦.૦૦ |
| ૬ | અડદ | ૫ | ૧,૨૦૦.૦૦ | ૧,૩૦૦.૦૦ |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૯ | કપાસ | ૧૧૩ | ૧,૫૫૪.૦૦ | ૧,૫૯૯.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૩૪ | ૯૫૦.૦૦ | ૧,૦૦૮.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

મેઈક ઈન ઈન્ડીયા મેઈડ ફોર ધ વર્લ્ડના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરતુ ગુજરાતનું વધુ એક નક્કર કદમ

# મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ ખોરજમાં ૩૫ હજાર કરોડના રોકાણ સાથે વર્ષે કુલ ૧૦ લાખ કારના ઉત્પાદનનો નવો પ્લાન્ટ વિકસાવશે :૧૨ હજાર લોકોને સંભવિત રોજગાર અવસર મળશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મારુતિ સુઝુકીના એમ.ડી. શ્રીયુત હિતાશી તાકેઉચીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને મારુતિ સુઝુકી ઈન્ડીયા લિમિટેડ વચ્ચે ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરીમની ગાંધીનગરમાં યોજાઈ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મેક ઈન ઈન્ડિયા મેઈડ ફોર ધ વર્લ્ડના ધ્યેયને સાકાર કરવાની દિશામાં દેશના વિકાસ રોલમોડલ સ્ટેટ ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વધુ એક નક્કર કદમ ભર્યું છે.

મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ ખોરજમાં જી.આઈ.ડી.સી. દ્વારા ઉપલબ્ધ કરાયેલી ૧૭૫૦ એકર જમીન પર ૩૫ હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે વ્હીકલ મેન્યુફેક્ચરિંગના નવા પ્લાન્ટની સ્થાપના કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મારુતિ સુઝુકીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી હિતાશી તાકેઉચીની ઉપસ્થિતિમાં આ પ્લાન્ટના રોકાણ માટેના ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરીમની ગાંધીનગરમાં યોજાઈ હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ મારુતિ સુઝુકીના હોલ ટાઈમ ડિરેક્ટર અને એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર શ્રી સુનિલ કક્કર પણ આ અવસરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મારુતિના આ નવા પ્લાન્ટથી સંભવિત ૧૨ હજારથી વધુ લોકોને રોજગાર અવસર મળશે. એટલું જ નહીં, આ પ્લાન્ટના પરિણામે આસપાસના વિસ્તારોમાં એન્સીલીયરી યુનિટ્સ અને એમ.એસ.એમ.ઈ એકમો પણ સ્થપાશે એનાથી અંદાજે ૭.૫૦ લાખથી વધુ પરોક્ષ રોજગારી મળતી થશે અને એક સમગ્ર ક્લસ્ટરનું નિર્માણ થવાથી ઓટો હબ તરીકેની ગુજરાતની ઓળખને વધુ બળ મળશે.

આ પ્રોજેક્ટ અન્વયે દર વર્ષે ૨.૫ લાખ કારની ઉત્પાદન ક્ષમતા ધરાવતા ૪ પ્લાન્ટ મળીને કુલ ૧૦ લાખ કાર પ્રતિ વર્ષની ઉત્પાદન ક્ષમતાનો પ્લાન્ટ વિકસાવવામાં આવશે. પહેલા પ્લાન્ટનું ઉત્પાદન ૨૦૨૯ના ફાઈનાન્સિયલ ઈયરથી શરૂ કરવાનું મારુતિ સુઝુકી ઈન્ડીયા લિમિટેડનું આયોજન છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મારુતિ સુઝુકી ઈન્ડીયા લિમિટેડના પ્રોજેક્ટ રોકાણને આવકારતા કહ્યું કે, આ માત્ર એક નવી ઓટોમોબાઈલ ઉત્પાદન સુવિધા જ નથી પરંતુ દેશના સૌથી મોટા અને સૌથી સ્પર્ધાત્મક ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ કોરિડોરને વધુ સુદ્રઢ કરવાનું મહત્વનું પગલું પણ છે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારત-ગુજરાત-જાપાન સંબંધો હંમેશા ઉત્સાહપૂર્ણ રહ્યા છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે પોતાની જાપાન મુલાકાત દરમિયાન સુઝુકીના CEOએ ગુજરાતને સેકન્ડ હોમ તરીકે ઓળખાવ્યું તે ભરોસો જાળવી રાખવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લીડરશીપમાં સસ્ટેનેબલ પોલીસીઝ મેકિંગથી ગુજરાત પોલીસી ડ્રીવન સ્ટેટ બન્યું છે. આ ઉપરાંત રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગોની જરૂરિયાત મુજબના વિકાસ અભિગમની પ્રતિષ્ઠા પણ ગુજરાતે મેળવેલી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ સમિટમાં શરૂઆતથી જાપાન પાર્ટનર કન્ટ્રી અને વિકાસનું ભાગીદાર રહ્યું છે.

શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, મારુતિ સુઝુકી મોટર્સ જ્યારે પ્રથમવાર ગુજરાતમાં રોકાણ માટે આવ્યું, ત્યારે મદદ માટેની જે તત્પરતા અને સહયોગ રાજ્ય સરકારે દાખવ્યો હતો તેવો જ સહયોગ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સતત મળતો રહેશે.

મારુતિ સુઝુકી મોટર્સના એમડી શ્રીયુત હિતાશી તાકેઉચીએ ગુજરાત સરકાર દ્વારા મારુતિ સુઝુકીને મળી રહેલા સહયોગની પ્રશંસા કરતા જણાવ્યું કે, ગુજરાત મોબિલીટી ટ્રાન્સફોર્મેશનમાં લીડર બની રહ્યું છે તેનો લાભ પણ મારુતિ સુઝુકીને મળ્યો છે.

ગુજરાત સરકાર સાથેની મજબૂત સહભાગીતાથી ગુજરાતમાં મારુતિના ઉત્પાદન એકમો દ્વારા મેઈક ઈન ઈન્ડીયા ઈનિસ્યેટીવમાં પણ મારુતિ સુઝુકી સક્રિય યોગદાન આપવા તત્પર છે તેમ તેમણે જણાવ્યુ હતુ. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આ નવી વ્હીકલ ફેસિલિટીના નિર્માણ માટે ગુજરાત સરકાર અને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ વચ્ચે ૨૦૨૪ની વાઈબ્રન્ટ સમિટમાં એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૨માં સુઝુકી મોટર્સને ગુજરાતમાં રોકાણ માટે નિમંત્રણ પાઠવ્યું હતું. તેના પ્રતિસાદ રૂપે હાંસલપુરમાં મારુતિનો ગુજરાત ખાતેનો પ્રથમ પ્લાન્ટ કાર્યરત છે. આ પ્લાન્ટમાં હાલ પ્રતિવર્ષ ૭.૫૦ લાખ કાર ઉત્પાદન થાય છે અને ૨૦૨૬-૨૭ના ફાઈનાન્સિયલ ઈયર સુધીમાં ૨.૫૦ લાખ કારનો વધારો કરીને દર વર્ષે ૧૦ લાખ યુનીટ ઉત્પાદનની યોજના રાખવામાં આવી છે.

આ અવસરે મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે તેમજ જી.આઈ.ડી.સી.ના એમ.ડી. શ્રીમતી પ્રવીણા ડી.કે અને મારુતિ સુઝુકી મોટર્સના સી.એફ.ઓ. અર્નબ રોય, સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર મંજરી ચૌધરી તથા એક્ઝિક્યુટિવ ઓફિસર પરીક્ષિત મૈની, જીગર દેસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

EPFOની કર્મચારીઓને મોટી ભેટ

# કર્મચારીઓ એપ્રિલથી UPI દ્વારા ઉપાડી શકશો પૈસા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રાઈવેટ સેક્ટરના કર્મચારીઓ માટે આનંદના સમાચાર છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા પીએફ ઉપાડ અંગે એક મોટું પગલું ભરવામાં આવ્યું છે જેથી કરીને હવે EPFO સભ્ય યુપીઆઈ દ્વારા સીધી બેંક એકાઉન્ટમાં પીએફની રકમ ટ્રાન્સફર કરી શકશે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં આવું થઈ શકે છે. આ સુવિધા શરૂ થવાથી ૮ કરોડ સભ્યોને ફાયદો મળશે અને પ્રોસેસમાં જે સમય લાગતો હતો તે હવે બંધ થઈ જશે. લેબર મિનિસ્ટ્રી અને EPFO તરફથી સોફ્ટવેરની ખામીઓને ઠીક કરાઈ રહી છે જેથી કરીને નવી સિસ્ટમને યોગ્ય રીતે શરૂ કરવામાં આવી શકે. અત્યાર સુધી એવી સિસ્ટમ હતી કે પીએફ ઉપાડવો હોય તો ક્લેમ ફાઈલ કરવો પડતો હતો. જેમાં ઘણો સમય પણ જતો હતો. મીડિયા રિપોર્ટ મુજબ નવી સિસ્ટમ આવ્યા બાદ સભ્યો પોતાના લિંક્ડ બેંક ખાતામાં UPI દ્વારા સીધી રકમ ટ્રાન્સફર કરી શકશે. આ ઉપરાંત તમે પીએફ બેલેન્સને PIN નોંધાવીને અપ્રુવ કરાવી શકશો. પૈસા સીધા તમારા બેંક એકાઉન્ટમાં આવશે નહીં તો તમે ATMથી કાઢી શકશો અથવા ડિજિટલ પેમેન્ટ કરી શકશો. આ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ સુરક્ષિત અને ઝડપી હશે. EPFO બેંકિંગ લાઈસન્સ નહીં હોવાના કારણે સીધા પૈસા આપી શકે નહીં. પરંતુ યુપીઆઈથી બેંક દ્વારા ટ્રાન્સફર કરી શકાશે. EPFO એ આ અગાઉ ઓટો સેટલમેન્ટ શરૂ કર્યું હતું. જેમાં ક્લેમ ફાઈલ કર્યાના ત્રણ દિવસમાં પૈસા ઈલેક્ટ્રોનિક રીતે મળી જાય છે, અને કોઈ પણ મેન્યુઅલ કામ કરવું પડતું નથી. હવે તેની લિમિટ વધારીને એક લાખથી પાંચ લાખ કરાઈ છે. તેના દ્વારા કોઈ પણ બીમારી, એજ્યુકેશન, લગ્ન અને ઘર માટે જલદી પૈસા મળી શકશે. કોરોના કાળમાં શરૂ કરાયેલી આ સુવિધા કર્મચારીઓના હિતમાં અમલી છે.

આંશિક ઉપાડના નિયમોને વધુ સરળ બનાવવામાં આવી રહ્યા છે. ઓક્ટોબર ૨૦૨૫માં સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) તરફથી પીએફની આંશિક ઉપાડના નિયમોને સરળ બનાવવામાં આવ્યા હતા. યુનિયન લેબર મિનિસ્ટર મનસુખ માંડવિયા તરફથી તેને મંજૂરી મળી ગઈ હતી. હવે ૧૨ જટિલ નિયમોને ભેગા કરીને ૩ કેટેગરીમાં વહેંચી નાખવામાં આવ્યા છે. હવે વિશેષ પરિસ્થિતિ હેઠળ તમે ૧૦૦% ઉપાડી શકશો. પરંતુ આમ છતાં ૨૫ ટકા બેલેન્સ હંમેશા ફ્રીઝ રહેશે. તેનાથી રિટાયરમેન્ટ માટે એક સારું ફંડ ભેગું થઈ શકશે અને ૮.૨૫% વ્યાજ કમ્પાઉન્ડિંગથી વધતું રહશે. દર વર્ષે EPFO દ્વારા ૫ કરોડથી વધુ ક્લેમ સેટલ થાય છે. જેમાંથી મોટાભાગના પીએફ ઉપાડ વિશે હોય છે.

જૂની પ્રોસેસમાં ડોક્યુમેન્ટ, મેન્યુઅલ ચેકિંગથી વિલંબ થતો હતો. નવી સિસ્ટમમાં હવે ડોક્યુમેન્ટની જરૂરિયાતને ખતમ કરી દેવાઈ છે. ૧૦૦ ટકા ક્લેમ ઓટો સેટલમેન્ટની સુવિધા શરૂ કરવાની તૈયારી છે. આ સુવિધા શરૂ થવાની સાથે જ ક્લેમ ફાઈલ કરવાની ઝંઝટ પણ ખતમ થઈ જશે. આ ઉપરાંત સિક્યોર અને ફાસ્ટ ટ્રાન્સફરની સુવિધા મળશે.

સેમિફાઈનલ મેચમાં ૧૬૫ રન ફટકાર્યા

# સૌરાષ્ટ્રના ઓપનર વિશ્વરાજ જાડેજાએ ઐતિહાસિક ઈનિંગ રમી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિજય હઝારે ટ્રોફીની સેમિફાઈનલમાં પંજાબ સામે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં સૌરાષ્ટ્રના ઓપનર વિશ્વરાજ જાડેજાએ ઐતિહાસિક ઈનિંગ રમીને પોતાની ટીમને ફાઈનલમાં પહોંચાડી દીધી છે.

૨૯૨ રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી સૌરાષ્ટ્રની ટીમ માટે જાડેજાએ વન-મેન શૉ જેવું પ્રદર્શન કર્યું હતું. તેણે માત્ર ૧૨૭ બોલમાં ૧૬૫ રનની અણનમ ઈનિંગ રમી હતી, જેમાં ૧૮ ફોર અને ૩ સિક્સરનો સમાવેશ થાય છે. ૧૨૯થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે રમેલી આ ઈનિંગે પંજાબના બોલરોને લાચાર કરી દીધા હતા અને મેચને એકતરફી બનાવી દીધી હતી.

મેચની શરૂઆતથી જ વિશ્વરાજ જાડેજા અને કેપ્ટન હાર્વિક દેસાઈ વચ્ચે ૧૭૨ રનની મજબૂત ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. હાર્વિકના આઉટ થયા બાદ પણ જાડેજાએ પોતાની આક્રમકતા જાળવી રાખી હતી અને પ્રેરક માંકડ સાથે મળીને ટીમને જીત સુધી દોરી ગયો હતો.

જોકે, જ્યારે તે ૧૨૦ રન પર હતો ત્યારે તેને એક જીવનદાન મળ્યું હતું, જે પંજાબ માટે ભારે સાબિત થયું. આ તકનો પૂરો ફાયદો ઉઠાવતા વિશ્વરાજે વધુ આક્રમક બેટિંગ કરી હતી. આ સિઝનમાં વિશ્વરાજ જાડેજાનું ફોર્મ અત્યંત શાનદાર રહ્યું છે, જ્યાં તેણે ૯ મેચોમાં ૬૭ની સરેરાશથી ૫૦૦થી વધુ રન અને ૩ સેન્ચુરી ફટકારી છે.

હવે સૌરાષ્ટ્રની ટીમ ૨૦૨૨-૨૩ બાદ ફરી એકવાર ખિતાબ જીતવાના ઈરાદા સાથે ફાઈનલમાં પહોંચી છે.

# વિરાટ કોહલીએ ઉજ્જૈનમાં મહાકાલના દર્શન કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી વનડે સિરીઝના નિર્ણાયક મુકાબલા પહેલા ભારતીય ક્રિકેટરો આધ્યાત્મિક શરણે જોવા મળ્યા છે. રવિવારે ઈન્દોર ખાતે રમાનાર અંતિમ વનડે મેચ પૂર્વે સ્ટાર બેટર વિરાટ કોહલી અને સ્પિનર કુલદીપ યાદવ શનિવારે વહેલી સવારે ઉજ્જૈનના પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિર પહોંચ્યા હતા. વિરાટ કોહલી અને કુલદીપ યાદવની સાથે ફિલ્ડિંગ કોચ ટી. દિલીપ પણ હાજર રહ્યા હતા. આ ખેલાડીઓએ વહેલી સવારે થતી વિશ્વપ્રસિદ્ધ ભસ્મ આરતીમાં ભાગ લીધો હતો અને લગભગ બે કલાક સુધી મંદિરમાં બેસીને ભગવાન મહાકાલની આરાધના કરી હતી. વિરાટ કોહલી નંદી હોલમાં શ્રદ્ધાપૂર્વક બેઠેલો જોવા મળ્યો હતો અને તેણે મહાકાલ મંદિરના ફોટોઝ પણ ક્લિક કર્યા હતા.

આ અગાઉ કોચ ગૌતમ ગંભીર, બેટિંગ કોચ સિતાંશુ કોટક અને કેએલ રાહુલ સહિત ટીમના અન્ય સભ્યોએ પણ મહાકાલના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. વિરાટ અને કુલદીપ અવારનવાર ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા હોય છે અને મેચ પહેલા આ મુલાકાતને ટીમ માટે પણ શુભ માનવામાં આવી રહી છે.

દર્શન બાદ કુલદીપ યાદવે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, મહાકાલના દર્શન કરીને ખૂબ જ શાંતિ મળી. અમે પ્રાર્થના કરી છે કે ટીમ સારું પ્રદર્શન કરે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


ગુજરાત પોલીસની પહેલ “One Day One District” : દાહોદ જીલ્લો

# રાજ્યના પોલીસ વડાશ્રી દ્વારા દાહોદ જિલ્લાની કાયદો-વ્યવસ્થા અને માળખાકીય સુવિધાઓની સર્વગ્રાહી સમીક્ષા કરાઈ



જિલ્લા સ્તરે પોલીસિંગમાં આવતા પડકારોને પ્રત્યક્ષ રીતે સમજવા, જમીની હકીકતોનું મૂલ્યાંકન કરવા અને વહીવટી પ્રક્રિયાને ગતિ આપીને જરૂરિયાત આધારિત ત્વરિત ઉકેલો લાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન.રાવ દ્વારા શરૂ કરાયેલી પહેલ “One Day One District” અંતર્ગત દાહોદ જિલ્લા સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હતી.

વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં દાહોદ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને આંતરરાજ્ય સરહદોને ધ્યાને રાખીને મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

રાજ્યના પોલીસ વડાશ્રી દ્વારા દાહોદ જિલ્લા પોલીસ વડા અને પંચમહાલ રેન્જ IG સાથે યોજાયેલા સંવાદમાં વિવિધ પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં દાહોદ જિલ્લામાં અસરકારક પોલીસિંગ માટે જરૂરી મહેકમ અને વાહન સંસાધનોની ઉપલબ્ધતા અંગે વિગતવાર ચર્ચા કરવાના આવી. તે ઉપરાંત દાહોદ જિલ્લો રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સાથે સરહદ ધરાવતો હોવાથી, આંતરરાજ્ય ગુનેગારોને ડામવા માટે ઈન્ટેલિજન્સ શેરિંગ અને સંયુક્ત કાર્યવાહી પર ભાર મૂકવામાં આવ્યો હતો. એટલું જ નહીં, દાહોદમાં પોલીસ ચોકી અને આઉટપોસ્ટનું અપગ્રેડેશન કરવા તેમજ પોલીસ આવાસ અને વિભાગીય ઈમારતોના નિર્માણ માટેના આયોજનની પણ ચર્ચા કરવામાં આવી.

ડિજિટલ પોલીસિંગને વેગ આપવા માટે આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત બનાવવા ઉપરાંત પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારોની સુખાકારી માટે કલ્યાણકારી યોજનાઓ તથા પોલીસ લાઈનના બાળકોમાં રમતગમત પ્રત્યે રુચિ વધે તે માટે પ્રોત્સાહક માળખું તૈયાર કરવા સહિતના વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

દાહોદ જિલ્લાની જરૂરિયાતોના મૂલ્યાંકન બાદ, રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન.રાવ એ પોલીસ ભવનની સંબંધિત શાખાઓને દાહોદ જિલ્લાની માંગણીઓનું તાત્કાલિક પરીક્ષણ કરવા સૂચના આપી છે. જે બાબતોમાં નીતિગત મંજૂરી કે વધારાના બજેટની જરૂરિયાત છે, તેના પ્રસ્તાવો ત્વરિત ધોરણે ગૃહ વિભાગને મોકલવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### જિલ્લા સ્તરેજ પ્રશ્નોનુ નિવારણ થાય તે માટે કલેકટરોને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સ્પષ્ટ સુચના

# લોકોનો વિશ્વાસ જીતવો સંવેદનશીલતા અને પ્રમાણિકતા જરૂરી : જિલ્લા કલેકટરોને મુખ્યમંત્રીનો સંદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કલેકટર કોન્ફરન્સમાં રાજયના તમામ જિલ્લા કલેકટરોને લોકોની રજુઆતોની ઝડપી અને પ્રમાણિક નિવારણ લાવવા સુચનાઓ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે લોકોની સમસ્યાઓ સમજવા માટે સંવેદના હોવી જરૂરી છે. જો જિલ્લા સ્તરે જ પ્રશ્નો ઉકેલાશે તો લોકોને ગાંધીનગર સુધીના ધકકા ખાવા નહી પડે અને વહિવટી તંત્ર પ્રત્યે જનતાનો ભરોસો વધુ મજબુત બનશે.

મુખ્યમંત્રીએ કલેકટરોને ફીલ્ડ વિઝીટ (ક્ષેત્ર મુલાકાત) ને પ્રાધાન્ય આપવા અને સરકારી યોજનાઓના અમલીકરણનુ જાતે મોનીટરીંગ કરવા જણાવ્યુ હતું. તેમણે ઓનેસ્ટી, ઈન્ટીગ્રીટી, કોમ્પીટન્સ અને ઈફેકિટવનેસ ના ચાર સ્તંભો પર જિલ્લાના વહિવટનુ નેતૃત્વ કરવા અનુરોધ કર્યો હતો. રાજયમાં નાણાંની કોઈ તંગી નથી, ત્યારે વિકાસના કામો ઝડપી અને ગુણવત્તાયુકત થાય તે જોવાની જવાબદારી કલેકટરની ટીમ છે. મહેસુલ રાજય મંત્રી સંજયસિંહ મહિડાએ પણ જિલ્લા કલેકટરોને સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડ વિતરણમાં ઝડપ લાવવા અને ફીડબેક મીકેનીઝમ સુધારવા સુચન કર્યુ હતુ. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવી એ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રીએ તાજેતરમાં જ તાલુકા કક્ષાએ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રીફોર્મ્સ ની જગ્યાઓ મંજુર કરી છે. જેનાથી જમીન સંબંધીત પેન્ડીંગ કેસોનો નિકાલ ઝડપી બનશે.

**IORA, E DHARA, IRCMS**

જેવા પોર્ટલ્સ દ્વારા ઓનલાઈન કામગીરીની પણ સમયાંતરે સમિક્ષા કરવામાં આવશે. મુખ્યમંત્રીએ કલેકટરોને હિંમત આપતા કહ્યુ હતુ કે સરકાર તમારી સાથે છે, સાચી વ્યકિત પરેશાન ન થાય અને ખોટી વ્યકિત કોઈ મુશ્કેલી ઉભી ન કરે તેવી સુઝબુઝ સાથે નેક કામો કરવા જોઈએ. આ ઉપરાંત સ્વસ્થ્ય જીવનશૈલી માટે રાજય સરકારે ઉપાડેલા પ્રાકૃતિક ખેતીના મિશનને દરેક જિલ્લામાં સફળ બનાવવા પર કલેકટરોને આહવાન કરવામાં આવ્યુ હતું. પરીષદમાં મુખ્ય સચિવ સહિતના વરીષ્ઠ સચિવો અને તમામ જિલ્લાના કલેકટરો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત વિધાનસભાના ૮ માં સત્રની રૂપરેખા જાહેર : નાણાંકીય કામકાજ પર ભાર

### રાજયપાલના આહવાનથી ૧૫ મી વિધાનસભાનુ ૮ મુ સત્ર ૧૬ મી ફેબ્રુ.એ મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત રાજયના માન્ય રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ભારતીય બંધારણ અનુચ્છેદ ૧૭૪(૧) હેઠળ ૧૫ મી ગુજરાત વિધાનસભાના ૮ મા સત્રની જાહેરાત કરી હતી. આગામી ૧૬ મી ફેબ્રુઆરી ૨૦૨૬ થી આ સત્રનો પ્રારંભ થશે.

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ સત્રની વિગતવાર રૂપરેખા આપતા જાહેર કર્યુ હતુ કે આ સત્ર રાજયના વિકાસ અને નાણાંકીય આયોજન માટે અત્યંત મહત્વનુ સાબિત થશે. સત્રના પ્રથમ દિવસે રાજયપાલના સંબોધન સાથે ગૃહની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવશે. આ સત્રનુ સૌથી મુખ્ય પાસુ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનુ અંદાજપત્ર (બજેટ) રહેશે. ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ નાણાંમંત્રી દ્વારા રાજયનુ બજેટ રજુ કરવામાં આવશે. બજેટની સાથે અગાઉના વરસોના વધારાના ખર્ચના પત્રકો અને ચાલુ નાણાંકીય વર્ષના પુરક પત્રકો પણ ગૃહના પટલ પર મુકવામાં આવશે. આ સત્ર તારીખ ૧૬/૨/૨૦૨૬ થી તારીખ ૨૫/૩/૨૦૨૬ સુધી ચાલશે. જેમાં કામકાજના કુલ ૨૩ દિવસ દરમિયાન ૨૬ બેઠકોનુ આયોજન કરવામાં આવ્યુ છે.વિધાનસભાના કામકાજની વહેચણી મુજબ નાણાંકીય કામકાજ માટે સૌથી વધુ ૧૮ બેઠકો ફાળવવામાં આવી છે. જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માંગણીઓ પર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો તેમજ પુરક માંગણીઓ માટે ૨ બેઠકો રાખવામાં આવી છે.

આ ઉપરાંત રાજયપાલના સંબોધન પર ચર્ચા માટે ૩ બેઠકો, સરકારી વિધેયકો માટે ૪ બેઠકો અને બિન સરકારી કામકાજ માટે ૬ બેઠકો અનામત રાખવામાં આવી છે. માનનીય અધ્યક્ષે સત્ર દરમિયાન તારાંકીત પ્રશ્નો માટે મંત્રીઓના ૫ જુથોની રચના કરી છે. ધારાસભ્યોની સુવિધા માટે પ્રશ્નોની સુચના ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને રીતે આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર સત્ર દરમિયાન ડીઝીટલ માધ્યમનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે અને વધુ વિગતો નેવા વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. સત્રની શરૂઆત પહેલા કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે. જે સત્રના સુચારૂ સંચાલન માટે અંતિમ ભલામણો રજુ કરશે.

# ગોપાલ ઈટાલીયાને જુતુ ફેંકવાની કિંમત ૫૦ હજાર રૂપીયાઃ ઝડપાયેલા શખ્સનુ ચોંકાવનારૂ નિવેદનઃ ઈસુદાન ગઢવીએ ભાજપ પર સાધ્યુ નિશાન ભાજપના ઈશારે જુતુ ફેંકાયુ હોવાનુ ગઢવીનુ નિવેદન

પ્રતિનિધિ,ગાંધીનગર



વિસાવદરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પર ફરી એકવાર જુતુ ફેંકાયુ હતું. જામનગર બાદ હવે જુનાગઢના માળીયાહાટીનામા જુતુ ફેંકાયુ હતું. આમ આદમી પાર્ટીની ખેડુત સભામાં ગોપાલ ઈટાલીયા સંબોધન કરતા હતા ત્યારે આ ઘટના બની હતી. સદનસીબે આ જુતુ ગોપાલ ઈટાલીયાના પગમાં વાગ્યુ હતું. સભામાં હાજર વ્યકિત બીજી વાર જુતુ ફેંકવા જતો હતો ત્યારે તેને પકડી લીધો હતો. જુતુ ફેંકવાની કિંમત ૫૦ હજાર રૂપીયા ઝડપાયેલા શખ્સની ઓળખ શબીર મીર પરમાર તરીકે થઈ છે.

પોલીસ પુછપરછમાં શબીરે કબુલાત કરી હતી કે તેને આ કૃત્ય કરવા માટે લાલચ આપવામાં આવી હતી. શબીરના જણાવ્યા અનુસાર ભંડુરી રામજીભાઈનો દિકરો મીત, ભરતભાઈ અને પોતાની ઓળખ સાહેબ તરીકે આપનાર એક વ્યકિતએ મને આ કામ સોંપ્યુ હતું. તેમણે મને ગોપાલ ઈટાલીયા પર જુતુ મારવાના બદલામાં ૫૦ હજાર રૂપીયા આપવાની ઓફર કરી હતી. અને અડધા પૈસા એડવાન્સ આપવાની પણ વાત કરી હતી. અગાઉ પણ બની હતી આવી ઘટના, નોંધનીય છે કે આ પ્રકારની ઘટના પહેલીવાર નથી બની, અગાઉ જામનગર ખાતે એક કાર્યક્રમ દરમિયાન ગોપાલ ઈટાલીયા પર જુતુ ફેંકવાની ઘટના બની હતી. જામનગરની એ ઘટના બાદ ફરી એકવાર માળીયાહાટીનામા તેનુ પુનરાવર્તન થયુ છે.

એક ધારાસભ્ય સાથે વારંવાર આવી ઘટના થવાથી સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા થયા છે, આમ આદમી પાર્ટી ના સ્થાનિક નેતાઓએ આ ઘટનાને લોકશાહી પર હુમલો ગણાવી સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. ઈસુદાન ગઢવીએ ભાજપ પર નિશાન સાધી આ મામલે ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે ભાજપે ગોપાલ ઈટાલીયા પર હુમલાનો પ્રયાસ કરાવ્યો, યુવાને રૂપીયા ૫૦ હજાર અને દારૂ આપ્યાની કબુલાત કરી છે. ગોપાલ ઈટાલીયા પર જીવલેણ હુમલો કરવાના ઈરાદે યુવક છરી લઈને આવ્યો હતો. આમ આદમી પાર્ટીની વધતી લોકપ્રિયતાથી ભાજપના નેતાઓ ગભરાયા છે અને હુમલાનુ ષડયંત્ર રચ્યુ હતું. વધુમાં ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે ભાજપ-પોલીસની મીલીભગતથી આમ આદમી પાર્ટી નેતાઓ પર હુમલા કરવામાં આવે છે. આમ આદમી પાર્ટીમાં મોટી સંખ્યામાં લોકો જોડાતા ભાજપ નીચી રાજનીતી પર ઉતર્યુ છે. પાટીદાર નેતા તરીકે ઉભરી આવતા ગોપાલ ઈટાલીયા ભાજપના નિશાને છે. ઈસુદાન ગઢવીએ વધુમાં કહ્યુ હતુ કે ભાજપ બેરોજગાર યુવાનોને આ પ્રકારના ખોટા કામ કરાવડાવીને બરબાદ કરી રહી છે. દારૂ પીધેલો હોવા છતાં યુવક સામે પોલીસ કાર્યવાહી કરતી નથી, જયારે ઈસુદાન ગઢવીએ જેમણે જીવનમાં કયારેય દારૂ પીધો નથી, તેમના પર ખોટા રીપોર્ટ રજુ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી અને ગૃહમંત્રી દ્વારા આ ષડયંત્રમાં સંડોવાયેલા ભાજપના નેતાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

# ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ વિચિત્ર પ્રાણીઓ અને ક્રેક મગજના છે : સંકલન સમિતિની બેઠકમાં મનસુખ વસાવા વિફર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજપીપળા કલેકટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલન સમિતિન બેઠક આજે ભારે તોફાની બની હતી. વિકાસના કામોમાં વન વિભાગ દ્વારા કરવામાં આવતી આડખીલી ને મુદ્દે સાંસદ મનસુખ વસાવાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું. અધિકારીઓનો રીતસર ઉધડો લેતા બેઠકમાં લાંબો સમય સન્નાટો છવાઈ ગયો હતો.

સાંસદ મનસુખ વસાવાએ મીડીયા સમક્ષ પોતાનો આક્રોશ ઠાલવતા વન વિભાગ (ડીએફઓ) અધિકારીઓ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ વિચિત્ર પ્રકારના પ્રાણીઓ છે. જેઓ વિકાસના કામોમાં બહાના કાઢીને અડચણો ઉભી કરે છે. સાંસદે અધિકારીઓને ક્રેક મગજના ગણાવી સવાલ કર્યો હતો કે શું તમે લોકો આદિવાસી વિરોધી છો ? ન્યાયની માંગ કરતા તેમણે ઉમેર્યુ હતુ કે જંગલ વિસ્તારના રોડ રસ્તાઓ અટકાવી દેવાયા છે તો પછી વિકાસ કઈ રીતે કરવો ? સાંસદે ગંભીર આક્ષેપ કર્યો હતો કે ડેડીયાપાડા અને સાગબારા વિસ્તારમાં સ્ટેટ અને જિલ્લા પંચાયતના જે રોડ રસ્તાઓ મંજુર થયા છે તેનુ ઈ-ભુમિપુજન સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યુ હતું. છતાં વન વિભાગે આ કામો અટકાવી દીધા છે અને કોન્ટ્રાકટરના સાધનો પણ જપ્ત કરી લીધા છે.

સાંસદની સાથે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ અધિકારીઓ સામે ભારે રોષ વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે નર્મદા અતિ પછાત જિલ્લો હોવા છતાં અધિકારીઓને પ્રજાના કામમાં રસ નથી, તેઓ માત્ર ટાઈમ પાસ કરે છે, સંકલન સમિતિમાં માત્ર થઈ જશે, થઈ જશે, કહીને કોરમ પુરૂ કરવામાં આવે છે. વન વિભાગના અધિકારીઓ માઈબાપ હોય તેવુ વર્તન કરે છે. જો તેમની આદિવાસી વિરોધી માનસિકતા નહી બદલાય તો અમે તેમની જ ભાષામાં જવાબ આપવા તૈયાર છીએ. આ બેઠકે સાબિત કરી દીધુ છે કે નર્મદા જિલ્લામાં સત્તાધારી ભાજપ પક્ષ અને વિપક્ષ બંને વિકાસના મુદ્દે અધિકારીશાહી સામે એક જુથ થઈને લડવાના મુડમાં છે.

# કોળી સમાજનુ અલ્ટીમેટમઃ ૩ દિવસમાં સમાજને ન્યાય નહી મળે તો ભાજપમાં રાજીનામા ધરી દઈશુ

### પીઆઈ ડી વી ડાંગર અને પીઆઈ કે એસ પટેલની કરાઈ પુછપરછઃ આજે વધુ એક આરોપીની ધરપકડઃ સુરતની ઘટનાના પડઘા પડયા

પ્રતિનિધિ,ગાંધીનગર



ભાવનગરના બગદાણાના સેવક નવીનત બાલધીયાને ન્યાય ને લઈને કોળી સમાજ હવે લડી લેવાના મુળમાં છે. કોળી સમાજના સરપંચો તેમજ કોળી આગેવાન ભાજપ કાર્યકરોએ અલ્ટીમેટમ આપીને રાજીનામાની ચીમકી આપી છે.

મહુવા તાલુકાના વડલી ભુતનાથ મહાદેવના મંદિરે સમાજના આગેવાનો તેમજ ભાજપમાં જોડાયેલા કાર્યકરો એકઠા થયા હતા. ૫૦ થી વધારે ગામના કોળી જ્ઞાતિના સરપંચો તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો, ભાજપના આગેવાનો ઉપસ્થિત રહી પદયાત્રા દ્વારા તાલુકા સેવા સદન ખાતે મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતું. કોળી સમાજ દ્વારા ૩ દિવસની અંદર ન્યાય મળે તેવી રીતે અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે નહીતર સરપંચો દ્વારા રાજીનામા ધરી દેવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારીને ન્યાયની માંગ કરી છે. સરપંચ એસોસીએશનના પ્રમુખ રાણાભાઈ નાગજીભાઈ ભુતેશ્વર ગામના સરપંચ વિજયભાઈવાળા અને કોળી આગેવાન જયંતિભાઈ બાબુભાઈ બાંભણીયાએ મામલતદાર ને આવેદનપત્ર આપ્યુ હતું. તો બીજી તરફ ભાવનગર જિલ્લાના બગદાણા આશ્રમના સેવક નવનીત બાલધીયાને માર મારવાના મામલે એસઆઈટી એ બગદાણાના તત્કાલીન પીઆઈ ડી વી ડાંગર અને પીઆઈ કે એસ પટેલને સમન્સ પાઠવ્યુ છે. સમન્સના પગલે બંને પીઆઈ ભાવનગર આઈજી કચેરીએ પહોચ્યા હતા. બગદાણાના તત્કાલીન મહિલા પીઆઈ ડી વી ડાંગર અને પીઆઈ કે એસ પટેલ આઈ જી કચેરીએ પહોચ્યા હતા. આજે તેમની પુછપરછ કરાઈ હતી. ૨૯ ડીસેમ્બર ૨૦૨૫ ની રાત્રે બગદાણાના નવનીત બાલધીયા ઉપર જીવલેણ હુમલાની ઘટના બની હતી. હુમલા મામલે ૮ શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. બગદાણા પોલીસે ૮ શખ્સોની ધરપકડ કરી રીકન્ટ્રકશન કરાવ્યુ હતું. ત્યારબાદ અન્ય બે આરોપીઓને પણ એસઆઈટીએ ધરપકડ કરી છે. નવનીત બાલધીયા કેસમાં બંને પીઆઈની એસઆઈટી દ્વારા પુછપરછ બાદ શુ નવા ખુલાસા થાય છે એ જોવાનુ રહ્યું. ભાવનગર બગદાણાના સેવક નવનીત બાલધીયા ઉપર હુમલા મામલે વધુ એક યુવાનની આજે શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. એસઆઈટીએ સંજય ચાવડા નામના યુવકની ધરપકડ કરી છે. ધરપકડ બાદ યુવાનને એસઆઈટીની ટીમ દ્વારા ચેકઅપ માટે હોસ્પીટલ લઈ જવાયો હતો. તો બીજી તરફ સુરતની ઘટનાના પડઘા પણ પડયા હતા. જેમાં સુરતમાં કોળી સમાજના યુવાનો પોલીસ કમિશ્નરની કચેરીએ પહોચ્યા હતા. ૧૩ મી જાન્યુઆરીના રોજ રાતે પતંગની ખરીદી કરવા આવેલા યુવકો સાથે મારામારી થઈ હતી. જેમાં પાસ નેતા અલ્પેશ કથિરીયા અને તેના ભાઈ પર ફરીયાદ દાખલ કરાઈ છે. ચંદ્રેશ ભાલીયા નામના યુવકને ન્યાય મળે એ માટે મોટી સંખ્યામાં કોળી સમાજના યુવાનો પોલીસ કમિશ્નર કચેરીએ પહોચ્યા હતા.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટી બની ડીગ્રી વેચવાનો શોપીંગ મોલ ? વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાના સનસનીખેજ આક્ષેપો

### ધાનેરાની સુર્યોદય ડીએચએસઆઈ કોલેજ પૈસા ફેંકો અને પાસ થાઓ મોડલ : યુવરાજસિંહ

પ્રતિનિધિ,ગાંધીનગર



વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટી ની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા પૈસા ફેંકો અને પાસ થાઓ ના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

તેમણે ધાનેરાની સુર્યોદય ડીએચએસઆઈ કોલેજને કેન્દ્રમાં રાખીને આક્ષેપ કર્યો છે કે યુનિર્વસિટી હવે શિક્ષણ ધામને બદલે ડીગ્રી વેચવા માટેનો શોપીંગ મોલ બની ગઈ છે. જયાં ડીઝીટલ દક્ષિણા દ્વારા પરીક્ષાર્થીઓને પાસ કરવામાં આવે છે. પુરાવા તરીકે યુવરાજસિંહે એક વિડીયો કલીપ પણ જાહેર કરી છે. જેમાં પરીક્ષાર્થીના વાલી અને કોલેજ સંચાલક વચ્ચે માત્ર ૧ થી ૨ હજાર રૂપીયાની નજીવી રકમમાં પાસ કરી દેવાની સેટીંગ અંગેની ચર્ચા સંભળાયે છે. આ ખુલાસા બાદ રાજયના શૈક્ષણિક જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને યુનિર્વસિટીની પારદર્શિતા સામે મોટા પ્રશ્નો ઉભા થયા છે.

# વડોદરામાં લેટરબોમ્બ બાદ મોટો ધડાકોઃ ૩ ધારાસભ્યોએ સંકલન સમિતિનો કર્યો બહિષ્કાર

### જુના કામો ઠપ્પ હોવાથી ધારાસભ્યો નારાજઃ સંકલન સમિતિની મીટીંગમાં ધારાસભ્યોના અલગ અલગ શુરઃ વિકાસ કાર્યો પર જોખમ?

પ્રતિનિધિ,ગાંધીનગર



વડોદરા જિલ્લાના વહિવટી તંત્ર અને ચુંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોચ્યો હોય તેવુ લાગી રહ્યુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પાંચ ધારાસભ્યોએ લખેલા સામુહિક પત્ર બાદ આજે તારીખ ૧૭ જાન્યુઆરીએ મળેલી જિલ્લા સંકલન સમિતિની પ્રથમ બેઠકમાં જ મોટો વિવાદ સર્જાયો હતો.

જિલ્લાના ૩ ધારાસભ્યોએ આ બેઠકનો બહિષ્કાર કરીને વહિવટી તંત્ર સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર, કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ આજની બેઠકમાં હાજરી આપી ન હતી, ખાસ કરીને કેતન ઈનામદારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે જયાં સુધી જુના વિકાસ કામો પુર્ણ નહી થાય ત્યાં સુધી તેઓ સંકલન સમિતિની બેઠકમાં હાજરી આપશે નહી. તેમણે વહિવટી વિભાગના વલણ સામે નારાજગી વ્યકત કરતા કહ્યુ હતુ કે એક ના એક પ્રશ્નો પુછવા અને તેના જવાબો લઈને ઘરે જવાનો કોઈ મતલબ નથી. એકતરફ ૩ ધારાસભ્યો ગેરહાજર રહ્યા તો બીજી તરફ ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા અને વાઘોડીયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સાંસદ ડો.હેમાંગ જોશી સાથે અલગ અલગ બેઠક યોજી હતી. જો કે શૈલેષ મહેતાએ બહિષ્કાર અંગે કોઈપણ જાણકારી હોવાનો ઈન્કાર કર્યો હતો. સંકલન સમિતિની મીટીંગના અંતિમ સમયે ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને કેયુર રોકડીયા સંકલન સમિતિમાં હાજર રહ્યા હતા. વડોદરાના પાંચેય ધારાસભ્યોએ વિકાસના કામો ન થતા હોવાની રજુઆત સીધી મુખ્યમંત્રીને કર્યા બાદ આ બહિષ્કારની ઘટનાએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. ઉલ્લેખનીય છે કે આ જિલ્લાના પ્રભારી મંત્રી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હોવા છતાં પણ ઉકેલ લાવી શકયા નથી તેવી વાતો વહેતી થઈ છે. શું વહિવટી તંત્રના ઢીલા વલણને કારણે વડોદરાના વિકાસ કામો રખડી પડશે ? તેવો પ્રશ્ન અત્યારે વડોદરા વાસીઓમાં પુછાઈ રહ્યો છે. ધારાસભ્યોની આ નારાજગી આગામી સમયમાં કોઈ નવો વળાંક લે છે કે કેમ તે હવે જોવુ રહયું.

# અરવલ્લી જિલ્લામાં આજે બીજા દિવસે પણ સંપૂર્ણ પણે બંધ પળાયો : ભિલોડામાં વિદ્યાર્થી સાથે મારપીટ બદલ કોલેજ ટ્રસ્ટી અને ભાજપ નેતાની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના ભિલોડાની આર જી બારોટ કોલેજના ટ્રસ્ટી અને ભિલોડા ભાજપના યુવા મોરચાના મહામંત્રી દેવાંગ બારોટે આદિવાસી વિદ્યાર્થીને ઢોર માર માર્યો હતો. આ મામલે દેવાંગ બારોટ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. ત્યારે ગઈ કાલે શુક્રવારે શામળાજી અને ભિલોડાના બજારે સજ્જડ બંધ પાળ્યો હતો. જેના પગલે પોલીસે દેવાંગ બારોટની ધરપકડ કરીને જેલ હવાલે કર્યો છે.

નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા ભિલોડાની આર જી બારોટના વિદ્યાર્થીને ૯ મી જાન્યુઆરીના રોજ કોલેજ બસના ડ્રાઈવર સાથે થયેલી બોલાચાલી બાદ ટ્રસ્ટી અને ભિલોડા ભાજપ તાલુકા યુવા મોરચાના મહામંત્રી દેવાંગ બારોટે વિદ્યાર્થીને લાકડી વડે માર મારી ગાલ પર લાફા મારી જાતિ પ્રત્યે અપમાનિત શબ્દો કહ્યા હતા. ટ્રસ્ટીના માર થી ઘવાયેલા વિદ્યાર્થીને માથામાં દુઃખાવો ઉપડતા હિંમતનગર સીવીલમાં સારવાર માટે ખસેડાયા હતા. બાદમાં વિદ્યાર્થીની માતાએ ટ્રસ્ટી દેવાંગ બારોટ સામે ૧૦ મી જાન્યુઆરીએ ભિલોડા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. બાદમાં ટ્રસ્ટી ફરાર થઈ ગયો હતો. આ મામલે દેવાંગ બારોટને પોલીસે પકડી પાડવામાં આવ્યો હતો અને કોર્ટમાં રજુ કરવા સબજેલમાં મોકલી દેવા આદેશ કરાયો હતો. આ ઘટનાને પગલે આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ અને સમસ્ત સમાજ દ્વારા આવેદનપત્ર આપીને કાર્યવાહીની માંગ કરી છે.